**ફોજદારી ઈન્કવાયરી નં. ૦૧/૨૦૨૬**

**<u>::આંક ૧ લગત હુકમ::</u>**

ફરિયાદ વંચાણે લીધી. રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ફરિયાદીના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. ફરિયાદી દ્રારા હાલની ફરિયાદ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરવામાં આવેલી છે. આરોપી અત્રેની કોર્ટની હકુમત બહાર રહેતા હોઈ નામદાર સુપ્રિમ કોર્ટના Suo Motu Write Petition (criminal) no.2/2020 dated 16-04-2021 તથા નામ.ગુજરાત હાઈકોર્ટનાં પત્ર નં.A/0751/2008 dated 22-04-2022 ધ્યાને લેતા હાલની ફરિયાદ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૨ મુજબ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઈન્કવાયરીના કામે ફરિયાદીના વકીલશ્રીને સાંભળ્યા.

આમ, હાલની ફરિયાદ તથા ફરિયાદ સાથે રજુ કરેલ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૫ અન્વયેનું સોગંદનામું તથા સોગંદનામા સાથે અલગ લિસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. તે તમામ હકીકતો ધ્યાને લેતા હાલના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવે છે.

સબબ હાલની ફરિયાદ જોઈ તપાસી <u>ફોજદારી કેસોના રજીસ્ટરે લેવી તેમજ ઉપરોકત ગુન્હાનો જવાબ દેવા સારુ અત્રેની અદાલતમાં **મુદત તારીખ ૨૭/૦૪/૨૦૨૬** નારોજ સવારે ૧૦–૪૫ કલાકે હાજર રહેવા આરોપીને સમન્સ કાઢવો.</u>

**કલોલ.**
**તા. ૦૯/૦૩/૨૦૨૬**

**(પી.જે.સુરતી )**
**જ્યુડી. મેજી. ફ.ક.**
**કલોલ.**
**GJ01570**